# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

**શનિવાર, ૨૯ નવેમ્બર ,૨૦૨૫**

## ૩૩૭ . અંદાજ સમિતિની બેઠક:–

**અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૪/૧૧/૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી. સમિતિની આ બેઠકની શરૂઆતમાં સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી તરીકે શ્રી વિનોદભાઈ મોરડીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ સમિતિએ ઉક્ત બેઠકમાં વન અને પર્યાવરણ વિભાગના તા.૨૫/૦૯/૨૦૨૫ના રોજ આ સચિવાલયને મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.**

**ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રેઝન્ટેશન અંતર્ગત વિભાગની જુદી–જુદી કામગીરી અંગે માહિતી મેળવી હતી. જેમાં રાજયના ફૉરેસ્ટ કવર અને ટ્રી કવર વિસ્તાર, રાજયમાં વિવિધ જગ્યાએ કરવામાં આવતા વૃક્ષારોપણ તેમજ ફૉરેસ્ટ વિભાગ અંતર્ગત આવતા ઘાસ માટેના ગોડાઉન અંગે ચર્ચા કરવામાં આવી હતી.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**